અપીલ અરજી નં.૧૬૨/ ૦૮–૦૯ તા.૧૧–૯–૦૮

અરજદાર: શ્રી મનસુખ જેરામ મુંજાણી
સામાવાળા: અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

**હુકમ:–**

**વિષય :–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનસુખ જેરામ મુંજાણીની તા.૨–૮–૦૮ ની અરજીથી ૭/૭૪૪ નો પ્લાન કયારે પાસ થયો? કેટલા ફુટ લંબાઈ/ પહોળાઈમાં એલાયમેન્ટ છોડયું છે? તે મકાનની આગળ ભાડુઆતનું ઘર છે. તે પ્લાનમાં બતાવ્યું છે કે નહી ? તે બાબતે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૬૨/૨૦૦૮–૦૯

શ્રી મનસુખ જેરામ મુંજાણીની તા.૨–૮–૦૮ ની અરજીથી ૭/૭૪૪નો પ્લાન કયારે પાસ થયો? કેટલા ફુટ લંબાઈ/ પહોળાઈમાં એલાયમેન્ટ છોડયું છે? તે મકાનની આગળ ભાડુઆતનું ઘર છે. તે પ્લાનમાં બતાવ્યું છે કે નહી ? તે બાબતે માહિતી આપવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતીઅધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સ ેઝોન/આ.૬૨૮ તા.૩૦–૮–૦૮ થી મુદ્દા નં.૩,૪,૫,૬,૭,૮,૯,૧૦માં આપેલ માહિતી ની અસંતોષ હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૬ તા.૨૦–૯–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓ તરફથી પત્ર નં.સે.ઝોન/આ.૭૯૨ તા.૩–૧૦–૦૮ થી માહિતી અત્રેના વિભાગને પૂરી પાડેલ છે.

અરજદારે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીના મુદ્દાઓથી અલગ માહિતી પૂરક સ્વરૂપે માંગેલ છે. અરજદારની મુળ અરજીની વિગતો સબંધેની સદર મિલ્કતના પ્લાન પાસ કર્યો ત્યારે એલાઈમેન્ટની જગ્યા કેટલી વખત ચેક કરી તેની માહિતી પૂરી પડાયેલ હોય તેવું જણાતું નથી. પરંતુ તે બાબતે જાહેર મા'િતી અધિકારી કક્ષાએથી " ઉપલબ્ધ રેકર્ડની તપાસ કરતાં મળી આવેલ નહીં હોવાનું જણાવેલ છે. અરજદારે અપીલ અરજી સાથે અપીલના સમર્થનમાં કોઈ આધાર રજૂ કરેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી મુદ્દા નં.૬ સિવાયની જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૬ અંગે ઉપલબ્ધ દફતરની તપાસ કરતાં મળી આવેલ નહી હોવાનું જણાવેલ છે. આ કાયદાની જોગવાઈ હેઠળ જાહેર માહિતી અધિકારી કક્ષાએ ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે છે. તેથી અરજદાર ઈચ્છે તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી મુદ્દા નં.૬ પૂરતું કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી ઈન્સ્પેકશન કરી શકે છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોને દફતરી નિરીક્ષણ પુરું પાડવા જણાવવામાં આવે છે. અપીલમાં ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્નો અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને આ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલગ અરજી ધ્વારા માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મનસુખ જેરામ મુંજાણી